સુવિચાર : જે બહારથી વાહ વાહ ઇચ્છે છે તે પોતાનો બધો જ આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે - સ્વીડીશ કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૦ ૨૦ એપ્રિલ, ૨૦૧૫, સોમવાર ; વૈશાખ સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



કોંગ્રેસ ભૂમિ અધિગ્રહણ મામલે આક્રમક બને છે Page-6

# કર્મચારીઓ માટે તબીબી સારવારના સુગ્રથિત નિયમો જાહેર

## સારવાર ખર્ચની મર્યાદા અને મંજુરી વિકેન્દ્રિત કરાઈ : સરકારી હોસ્પિટલો ઉપરાંત સરકાર માન્ય ખાનગી હોસ્પિટલોની સારવાર ખર્ચનું પણ રિએમ્બર્સમેન્ટ મળશે : એક લાખથી વધુના સારવાર ખર્ચના કિસ્સામાં ૭૫ ટકા વ્યાજ વિના પેશગી અપાશે

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્ય સરકારની સેવામાં રહેલા સરકારી કર્મયોગીઓ-પેન્સનર્સ, વર્કચાર્જ, રોજમદાર, કામદારો, બોર્ડ નિગમના કર્મયોગીઓ તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે રાજ્ય તબીબી સારવારના સુગ્રથિત નિયમો ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો ૨૦૧૫ અન્વયે જાહેર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રચાયેલી મંત્રીમંડળની પેટાસમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરીને આ મહત્વાકાંક્ષી નિર્ણયો કર્યા છે.

અત્યાર સુધી તબીબી સારવાર નિયમોની જોગવાઈ મુજબ સારવારનો ખર્ચ માત્ર સરકારી હોસ્પિટલો ઉપરાંત સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ, રાજ્ય સરકાર દ્વારા માન્ય કરાયેલી એમ્પેનલ્ડ ખાનગી હોસ્પિટલોમાં લીધેલી સારવાર માટે પણ રિએમ્બર્સમેન્ટ મળી શકશે.

આ નવા નિયમોમાં કેટલીક વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તદ્‌અનુસાર જો સરકારી કર્મયોગીની સારવારનો ખર્ચ રૂ. ૧ લાખથી વધુ થાય તેમ હોય તો ૭૫ ટકા જેટલી રકમ બિનવ્યાજુકી (વ્યાજ વગરની) પેશગી તરીકે આવા કર્મયોગીને અપાશે.

મુખ્યમંત્રીશ્રીએ સારવાર ખર્ચ મંજૂર કરવા અંગે પણ નવા ધોરણો નિયત કર્યા છે. તેમાં સારવારના રૂ. ૨૫ હજાર સુધીના ખર્ચનું રિએમ્બસર્મેન્ટ સંબંધિત કર્મયોગીની કચેરીના વડા મંજૂર કરી શકશે. જ્યારે કે ૨૫ હજારથી ૧ લાખ માટે ખાતાના વડા, ૧ લાખથી ૨ લાખના ખર્ચ માટે વહિવટી વિભાગ તેમજ ૨ લાખથી ૧૦ લાખ સુધીના સારવાર ખર્ચ માટે આરોગ્ય વિભાગની સમિતિની ભલામણ અનુસાર આરોગ્યમંત્રીશ્રી તથા ૧૦ લાખથી વધુ રકમના સારવાર ખર્ચ માટે મુખ્યમંત્રીશ્રીની મંજુરી લેવાની રહેશે.

સંબંધિત કર્મચારીઓ સારવાર-સુશ્રુષા પુરી થયાના ૬ માસમાં સારવાર ક્લેઈમ રજુ કરવો પડશે પરંતુ કાબુ બહારના સંજોગોમાં આવો ક્લેઈમ રજુ કરવામાં વિલંબ થાય તો વિલંબના સમય પ્રમાણે ખાતાના વડાથી લઈને

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ પ્રદેશ અગ્રણીના પુત્રએ સિવિલ કર્મચારીને લાફો ઝીકી દીધો...

## લેબોરેટરીમાં તપાસની વાતને લઈ મામલો બિચક્યો હતો

## કર્મચારીઓમાં તીવ્ર રોષ : શહેરના ઈતિહાસમાં પ્રથમ ઘટના

ગાંધીનગર, તા. ૧૯

ભાજપના પ્રદેશ અગ્રણીના પુત્રએ સિવિલ હોસ્પિટલના કર્મચારીને મધ્યરાત્રિએ એક તમાચો લગાવી દીધાની ઘટનાથી કર્મચારીઓમાં રોષની લાગણી જન્મી છે. જો કે તંત્રના અધિકારીઓ આ મુદ્દે વાત વણસે નહિ તેના પ્રયાસો કરી રહ્યા છે.

૧૭મીની મધ્યરાત્રિની બનેલી આ ઘટના ગઈકાલે આખો દિવસ સિવિલના તમામ કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બની હતી. જો કે સવારથી જ સિવિલ સત્તાવાળાઓએ પરિસ્થિતિને પામી જઈ આગોતરી રીતે જ નાજુક પરિસ્થિતિને હળવી બનાવવાના પ્રયાસો હાથ ધરી દીધા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પહેલીવાર કોઈ કર્મચારી પર રાજકીય આગેવાનના પરિવારમાંથી હુમલો થયાની ઘટના બહાર આવી છે.

મળતી વિગતો મુજબ ૧૭મીએ મધ્યારાત્રિના સુમારે રાજકીય આગેવાનના પુત્ર સિવિલમાં ગયા હતા અને લેબોરેટરીમાં તપાસની વાતને લઈ મામલો બિચક્યો હતો. લેબોરેટરી કર્મચારીના જવાબથી ઉશ્કેરાયેલ પુત્રએ કર્મચારીને લાફો મારી દીધો હતો.

કર્મચારીએ બનેલી ઘટનાને લઈ સવારે સિવિલના સત્તાવાળાઓનું ધ્યાન દોરી અને ન્યાયની માંગણી કરી હતી.

સિવિલ સત્તાવાળાઓ આ બનાવ અંગે ચૂપકીદી સાધી રહ્યા છે. પણ કર્મચારીઓમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે.







મોટેરા છલકાયું - રવિવારની રજામાં ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેના ક્રિકેટ જંગે ભારે જમાવટ કરી હતી... અમદાવાદ-ગાંધીનગરના ક્રિકેટ પ્રેમીઓને મેચમાં જલસા પડી ગયા હતા. બોલીંગ-બેટીંગનો અદ્‌ભૂત તરખાટ માણતા પ્રેક્ષકો ઉલ્લાસથી ખેલાડીઓને વધાવતા હતા.

Hydraid BioSand Water Filter

Safe Water For Million

શુદ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન

Shuddh Jal




બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટ્સ જેવી અશુદ્ધિઓ પાણીમાંથી દુર કરે છે

Hydraid ® BioSand વોટર ફિલ્ટરના ટેકનીકલ લક્ષણો

- ઈલેક્ટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત
- ઉંચાઈ : ૩૦.૫'' - પહોળાઈ : ૧૬.૫''
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુદ્ધ કરે.
- ઘર ઉપયોગી 'પોઈન્ટ-ઓફ-યુઝ' (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષથી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

સીલીકોન ખનીજતત્વોનો પાણીમાં ઉમેરો કરે



સીલીકોનયુક્ત મીનરલ જળના ફાયદાઓ

- વજન ઘટાડે છે.
- હાડકાની મજબુતાઈ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે.
- એલડીએસ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે
- સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

૧૦૦% કુદરતી શુદ્ધિકરણ પદ્ધતિ

જરૂરી ખનીજતત્વોને જાળવી રાખે છે

MADHAV MICROTECH PVT. LTD. "Bringing Technology & People together"

TRIPLE QUEST a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ઈન્ડિયા)
વિદેશી ઓફીસ/OVERSEAS OFFICE : Ryan HI NU Tec Pvt LLC, 6040, Whethersfield LN, # 33E, Bloomfield Hills, MI 48301, USA
સેલ્સ પૂછપરછ : Mo. +91 94260 60458, 9426828782 • E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in

# કૃષિ મહોત્સવ બાદ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં આગામી જૂન માસથી શાળા પ્રવેશોત્સવ સહીતના કાર્યક્રમોનો ધમધમાટ શરૂ થશે.

આગામી ૨૨મી એપ્રિલથી રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થનાર છે. આ કાર્યક્રમ એક મહિનો ચાલશે. ત્યાં જ જૂન મહિનો આવતાં રાજ્યમાં શાળાઓમાં બાળકોને પ્રવેશ આપવા માટેનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે અને ત્યાર બાદ ૨૦મી જૂનથી ત્રણ દિવસ માટે શહેરી વિસ્તારોમાં આવેલી શાળાઓમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ બાદ જુલાઈમાં ગુણોત્સવ કાર્યક્રમ પણ બે તબક્કામાં યોજાશે અને ત્યાર બાદ શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. આમ આગામી જૂન માસથી સળંગ ત્રણ મહિના રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આગામી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે મંત્રીઓ ધારાસભ્યો અને અધિકારીઓને આગામી મે માસના અંતમાં જિલ્લા તાલુકાની જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# સ્વચ્છતા મિશનના નામે સ્વર્ણિમ પાર્કમાં જ અંધારૂ

## સ્વર્ણિમ પાર્કમાં શૌચાલય પણ બંધ હાલતમાં : ગંદકીના થર જામ્યા છે !!!

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ગાંધીજીના નામ સાથે જોડાયેલ ગાંધી સ્વર્ણિમ પાર્કમાં જ સ્વચ્છતાના નામે મીંડુ છે. એટલુ જ નહિ અહિ નિર્માણ કરાયેલ શૌચાલયો પર તાળા મારવામાં આવ્યા હોવાથી લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે એટલુ જ નહિ પણ આ શૌચાલયો લોકો માટે ખુલ્લા મુકાય તેવી માંગ ઉઠી છે.

ગાંધીનગર શહેરની આગવી ઓળખ બનેલ મહાત્મા મંદિરને અડીને આવેલ સ્વર્ણિમ પાર્કમાં શૌચાલયની સુવિધા અપૂરતી અને બંધ હાલતમાં હોવાથી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અહિ પાર્કમાં યોગા કરનારાઓ, કસરત કરનારાઓ તેમજ વોકિંગ કરનારાઓની સંખ્યા મોટી છે. અહિ પ્લાસ્ટ ઈન્ડિયા વખતે પાર્કિંગ પણ મોટી સંખ્યામાં થયું હતુ. અહિ બનાવાયેલ શૌચાલય બંધ રહેતુ હોવાથી ત્યાં ગંદકીના થર જામી ગયા છે એટલુ જ નહિ આસપાસમાં મચ્છરો અને અન્ય વાઈરલના જીવાણુઓએ પણ ઘર જમાવ્યુ છે.

શૌચાલયની સફાઈ થતી નથી તેમજ જે બનાવવામાં આવ્યુ છે તે ખોલવામાં આવતુ નથી. માર્ગ-મકાન વિભાગ કે કોર્પોરેશન કોઈ આ મુદ્દે કંઈજ કહેવા તૈયાર નથી.

એક તરફ સ્વચ્છ શહેર-સ્વસ્થ શહેરના સૂત્રો લાગે છે તો બીજી તરફ ગંદકીના થર આ સૂત્રો લખેલા હોર્ડિંગ્સથી ૧૦૦ મીટરની અંદર જ જોવા મળે છે.

સ્વચ્છતા મિશનનો બીજો તબક્કો ૧લી મે થી થવાનો છે. આ તબક્કાના આયોજનને લઈ કેવી રીતે સ્થળની પસંદગી કરવી અને સફાઈ કેમ નથી થઈ તેનો ઉલ્લેખ કરવો તેવું શહેરી વિકાસ વિભાગની સૂચનામાં ઉલ્લેખ છે પણ આમાં કોને જઈ કહેવું તે લોકો પુછી રહ્યા છે.

ત્રણ કિલોમીટર જેટલા વિશાળ પાર્કમાં કસરતના સાધનો મુકાયા, વોકવે બનાવાયો, પાર્કને આકર્ષક બનાવવા માટે મ્યુઝીકલ ફાઉન્ટેઈન મુકાયા પણ આવનારા મુલાકાતીઓની પ્રાથમિકતા સુવિધા અંગે કોઈ વિચારણા કેમ નથી થતી તેમ સૌ પુછી રહ્યા છે.

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

"Bring home luck and happiness celebrate Akshaya Tritiya"

અક્ષય તૃતીયા



40% to 60% ડિસ્કાઉન્ટ સોનાના દાગીનાના મેકીંગ ઉપર

100% ડિસ્કાઉન્ટ ડાયમંડ દાગીનાના મેકીંગ ઉપર

50% ડિસ્કાઉન્ટ રીયલ અનકટ ડાયમંડ દાગીનાના મેકીંગ ઉપર

20% ડિસ્કાઉન્ટ પ્લેટીનીયમના દાગીનાની કિંમત ઉપર

IH JEWELLERS
Gold • Jadtar • Uncut • Diamond • Platinum

C.G. Road : અમર કોમ્પ્લેક્ષ, સ્વસ્તિક ચાર રસ્તા Phone : 26400485-86-87
Maninagar : તક્ષશિલા સ્ક્વેર, ડિમ્ભબાગ ચાર રસ્તા Phone : 25452540-41-42